# ગાંધીનગર જિલ્લામાં એક જ દિવસે ત્રણ-ત્રણ આપઘાતથી સન્નાટો

## નિવૃત્ત પીઆઈના પુત્ર સહિત બે વ્યક્તિએ કેનાલમાં ઝંપલાવ્યું : સે. ૫માં યુવાને પંખે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર તથા અડાલજ વિસ્તારના ત્રણ વિવિધ વિસ્તારોમાં આપઘાત કરીને જીવન ટુંકાવી દેવાના ત્રણ-ત્રણ બનાવો બનતા સન્નાટો મચી જવા પામ્યો છે. શહેરના સે. ૫માં રહેતા અપરણિત ૨૫ વર્ષિય યુવાને પોતાના ઘરે જ સ્યુસાઈડ નોટ લખીને પંખે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. તો બીજી તરફ ઝુંડાલ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ૪૮ વર્ષિય પ્રૌઢાએ અને અડાલજ કેનાલમાં નિવૃત્ત પી.આઈ.ના પુત્રએ ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ત્રણેય બનાવમાં અકસ્માત મોતના ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

પાટનગરના સેક્ટર-૫-બી પ્લોટ નં. ૫૩૫/૨ ખાતે રહેતા ૨૫ વર્ષીય પિનાકીન સુમનભાઈ મકવાણાએ બપોરના અરસામાં પોતાના ઘરે જ કોઈ કારણોસર પંખે સાડી બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો. સે. ૭ પોલીસને આ બનાવની જાણ થતાં પી.એસ.આઈ. વી.યુ. ગડરીયા સ્થળ પર પહોંચી ગયા હતા. પોલીસે તપાસ કરતાં તેના મૃતદેહ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં પોતે માનસિક બિમારીથી કંટાળી ગયો હોવાથી મરજીથી અંતિ પગલુ ભરી રહ્યો હોવાનો ઉલ્લેખ છે. સે. ૭ પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે લઈને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતના ગુના આધારે તપાસ શરૂ કરી છે. આપઘાતના અન્ય બે કિસ્સાઓ અડાલજ વિસ્તારથી પસાર થતી નર્મદા કેનાલમાં બનવા પામ્યા છે. જેમાં ઝુંડાલ નર્મદા કેનાલમાં અમદાવાદના સાબરમતી વિસ્તારમાં રહેતી ૪૮ વર્ષિય પ્રૌઢા મીનાબેન ઉર્ફે લક્ષ્મીબેન અમૃતભાઈ શાહે ઝંપલાવીને જીવન ટુંકાવી દીધું હતું. તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના નિવૃત્ત પી.આઈ.ના ૨૫ વર્ષિય પરણીત પુત્ર ઈન્દ્રજીતસિંહ ચાવડાએ અડાલજ નર્મદા કેનાલમાં ઝંડપલાવીને કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો છે. અડાલજ પોલીસે કેનાલમાંથી મળેલા બન્ને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતના ગુનાને આધારે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર વિસ્તારમાં છેલ્લા થોડાક સમયથી આપઘાતના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.



## ચા બનાવતા દાઝી ગયેલી ડભોડાની પરિણીતાનું મૃત્યુ

ડભોડા ગામમાં સાસરીમાં રહેતી ૨૬ વર્ષીય પરિણીતા નીતાબેન ઝીલાજી પરમાર પોતાના ઘરે ચા બનાવી રહ્યા હતા તે દરમ્યાન અચાનક જાર લાગતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. બે દિવસથી ખાનગી હોસ્પિટલમાં જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેલી પરીણિતાનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી બનાવની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## રાહુ, ચંદ્ર અને શનીની યુતીથી માનસિક અસ્થિરતા અને બેચેની

ચંદ્ર એ મનનો કારક ગ્રહ છે, રાહુ અને શનિ બન્ને ગ્રહોની ગણના ક્રુર ગ્રહોમાં થાય છે. છેલ્લા બે દિવસથી આ ત્રણેય ગ્રહોની યુતિ થતા દિવસ ભારે રહે છે અને આ ગ્રહોની વિપરીત અસર માણસની માનસિકતા પર પડી રહી છે. જેને પરિણામ માણસ માનસિક રીતે અસ્વસ્થ અને બેચેન વધુ જણાય છે. ચંદ્ર, રાહુ અને શનીની યુતીથી ભારે દિવસો વર્તાઈ રહ્યા છે ત્યારે આ સ્થિતિમાં સ્યુસાઈડના કિસ્સા વધુ બનતા હોવાનું એટલે કે માણસને આ સ્થિતિ આપઘાત તરફ પ્રેરી જતી હોવાનું જ્યોતીષશાસ્ત્રીઓનું માનવું છે.

## સે. ૧૬માંથી મધરાત્રે ચોરો ૧.૨૦ લાખની રિક્ષા ઉઠાવી ગયા

### વહેલી સવારે વર્ધી માટે રિક્ષા માલીક બહાર નિકળ્યો તો રિક્ષા જ ગાયબ હતી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬ માધ્યમિક શાળાની બાજુમાં સ્થિત છાપરા બહાર ગત રાત્રીએ પાર્ક કરેલી રીક્ષા સવાર સુધીમાં ગાયબ થઈ ગઈ હતી. કોઈ રિક્ષાચોર રિક્ષાની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. વર્ધી મારવા માટે રિક્ષાચાલક સવારે ઘરેથી બહાર નીકળી રિક્ષા લેવા ગયો તો ત્યાં રિક્ષા જ ન હતી. સે. ૨૧ પોલીસે તેની ફરીયાદને આધારે રિક્ષાચોરીનો ગુનો દાખલ કર્યો છે જેની તપાસ પી.એસ.આઈ. સી.આર. પરમાર ચલાવી રહ્યા છે.

સહેરના સેક્ટર-૧૬ માધ્યમિક શાળાની બાજુમાં આવેલા છાપરા વિસ્તારમાં રહેતો રીતેષ ભીખાજી ઠાકોર પેસેન્જર રિક્ષા ચલાવે છે. ગઈકાલે રિક્ષા ચલાવીને રાત્રે ૯ વાગ્યે પોતાના ઘરે પહોંચ્યો અને રિક્ષા નં. જીજે-૧૮-એ.વી.-૧૨૦૯ ઘર આંગણે પાર્ક કરી હતી. વહેલી સવારે પાંચ વાગ્યે ઉઠીને રિક્ષાની વર્ધી મારવા તૈયાર થઈને બહાર નિકળ્યો તો રિક્ષા ગાયબ હતી. રૂ. ૧.૨૦ લાખની કિંમતની રિક્ષા કોઈ શખ્સ ઘર આંગણેથી ચોરી કરીને રફુચક્કર થઈ ગયો હતો. રિતેષની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. સી.આર. પરમારે રિક્ષા ચોરને પકડી પાડવા તજવીજ શરૂ કરી છે.

## આજે મહિલા સશક્તિકરણ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

યોગઋષિ સ્વામી રામદેવજીની પ્રેરણાથી ભારત સ્વાભિમાન, ગુજરાત પ્રાંત દ્વારા કલ્યાણપુષ્ઠી હવેલી, વસ્ત્રાપુર તળાવ પાસે, અમદાવાદ ખાતે આજે તા. ૩૧મી માર્ચ-૨૦૧૩ને રવિવારે સવારે ૯ થી સાંજે ૫ કલાક દરમિયાન બહેનો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સ્વાભિમાન, ગુજરાત પ્રાંત દ્વારા આજે તા. ૩૧મી માર્ચે મહિલા સશક્તિકરણ માટે મહિલાઓ માટે સ્પર્ધાઓનું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. મહિલાઓ માટે આજે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ગામમાં યોગ શિબિર સદસ્યતા તથા સ્વચ્છતા અભિયાન સ્પર્ધા, યોગાસન સ્પર્ધા અને ભજન સ્પર્ધા યોજાશે. સ્પર્ધાઓમાં વિશાળ સંખ્યામાં બહેનોને ભાગ લેવા માટે પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વિજેતા પ્રથમ ત્રણ નંબરને પુરસ્કાર અર્પણ કરવામાં આવશે તથા પુરસ્કાર પ્રાપ્ત કરનાર મહિલાઓ પ્રાંતીય કક્ષાએ યોજાનાર મહિલા મહાસંમેલનમાં ભાગ લેવા પસંદગીને પાત્ર થશે.

## જુ.સિ.કા. એ આરોગ્ય સુરક્ષા સાધનો આપનાર દાતાઓનો આભાર માન્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગામડાઓ સુધી જુનિયર સિટીઝન કાઉન્સિલની સેવાઓ પહોંચતી રહે છે. અકસ્માતમાં ઈજા પામેલા કે બિમાર દર્દી માટે સંસ્થા દ્વારા આરોગ્ય સુરક્ષા સાધનની સેવાઓ ઉપયોગી સાબિત થઈ છે જે અંતર્ગત સંસ્થાઓ દાતાઓ તરફથી મળેલા આરોગ્ય સુરક્ષા સાધનની સહાયને હૃદયપૂર્વક સ્વીકારી આભારની લાગણી વ્યકત કરી છે.

જુનિયર સિટીઝન કાઉન્સિલ પાસે આરોગ્ય સુરક્ષા સાધનોમાં વોકર, ટોઈલેટ ચેર, વ્હીલ ચેર સ્ટીક, બેકરેસ્ટ, વોટર બેડ, એરબેડ, ઓકિસજન સીલીન્ડર તેમજ દરેક જાતના સાધનો વસાવાયેલા છે. સંસ્થાની આ સેવાઓનો લાભ લેનારમાંથી કોઈ પણ વ્યકિત દાતા બની આગળ આવી શકે છે. જેની નોંધ સંસ્થા દ્વારા લેવાય છે. હાલમાં સંસ્થામાં ૨૦૦ નંગ વોકર અને ૨૦૦ નંગ ફોર લેગ સ્ટીક ભીગરથ એસોસિએટના સંજયભાઈ પટેલ અને આશિષભાઈ પટેલ દ્વારા દાન સ્વરૂપે આપવામાં આવ્યા છે. જુ.સિ.કા.ના હોદ્દેદારોએ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

## રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ રીન્યુ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અંતર્ગત ઉનાવા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ગ્રામ પંચાયતમાં તા. ૨ એપ્રિલ-૨૦૧૩ના રોજ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના કાર્ડ કાઢી આપવામાં આવશે. જેનો લાભાર્થીઓ લાભ લઈ શકશે.

ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ઉનાવા ગ્રામ પંચાયત ખાતે તા. ૨ એપ્રિલ-૨૦૧૩ને મંગળવારે સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ કાઢી આપવાની કામગીરી થવાની છે. જેમાં આરોગ્યને લગતો ૩૦,૦૦૦રૂ. સુધીનો વીમો ઉતારવામાં આવશે તો લાભાર્થીઓને આર.એસ.બી.વાય. કાર્ડનો લાભ લેવા જાણ કરવામાં આવે છે.

## શિવ મહાપૂરાણ કથાના આયોજનની સેક્ટર-૨માં મંગળવારે બેઠક

ગાંધીનગર, તા. ૩૦

સેકટર-૨બીમાં ચંદ્રમોલેશ્વર મહાદેવ અંબિકા ચોકમાં તા. ૧લી મેના રોજ શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવેલ છે. જેની પૂર્વ તૈયારી સારૂ તા. ૨જી એપ્રિલના રાત્રે સાડા આઠ વાગે શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવ અંબિકા ચોકમાં મિટીંગ રાખેલ છે. વસાહતીઓ હાજર રહેવા જણાવેલ છે.

## જાગૃત નાગરિક પરિષદની સંતોષકારક રજૂઆત જી.એસ.પી.સી.એ સાંભળી નહીં

ગાંધીનગર, તા. ૩૦

જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆ અને પરિષદના પદાધિકારીઓએ જી.એસ.પી.સી. (ગેસપાઈલ લાઈન)ના પ્રશ્નોની રજૂઆત કરી હતી. સંતોષકારક જવાબ નહીં મળતા સરકારમાં ઉગ્ર રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## જાગૃત નાગરિક પરિષદ દ્વારા આક્રોશપૂર્ણ રજૂઆત

ગાંધીનગર, તા. ૩૦

જાગૃત નાગરિક પરિષદના પદાધિકારીઓ તથા સંસ્થાઓના પદાધિકારીઓનું પ્રતિનિધિ મંડળ મહાનગર પાલિકાના કમિશ્નરને રૂબરૂં મળેલ હતું. જેમાં આક્રોશપૂર્ણ રીતે સફાઈના કામ અંગે પ્રોપર્ટી ટેક્ષની ગણતરી, રખડતાં ઢોર, શોપીંગ સેન્ટરો, શાક માર્કેટમાં વધારે ગંદકીની રજૂઆત કરવામાં આવી હતી. મચ્છરો અટકાવવાની રજૂઆત કરવામાં આવી હતી. પરામર્શમાં સર્વશ્રી લવજીભાઈ વાડીઆ, એસ.ડી. આર. મલિક, જે.જી. ભટ્ટ, રાજેન્દ્ર પારેખ, સોમાભાઈ પરમાર, જે. જે ત્રિવેદી, નિરંજન ઓઝા, એમ. એમ. શાહ, ડી.પી. સંઘાણી વગેરે ચર્ચામાં ભાગ લીધો હતો.

## શહેર જાગૃત નાગરિક પરિષદની પોસ્ટ ટેલિફોનના પ્રશ્નોની ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના પોસ્ટના પ્રશ્નો અંગે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે રજૂઆત કરેલ હતી. જેમાં સિનિયર સિટીઝન્સને દર ત્રણ માસે કામના વ્યાજના ધક્કા ખવડાવવામાં આવે છે. સિનિયર સિટીઝન્સને વારંવાર પોસ્ટ ઓફિસમાં ધક્કા ખાવા પડે છે. જેથી જે દિવસે વ્યાજ આપવાના હોય તે દિવસે ધક્કો પડે નહિ તેવું ધ્યાન રાખવા જણાવેલ છે.

ટેલિફોન અદાલતમાં ૧૦ વર્ષ જૂના ગ્રાહકોને નવા ટેલિફોનો આપવાજોઈએ. જેથી વારંવાર ફોનો બગડવાની ફરિયાદ થાય નહીં.

## એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાં વિકલાંગો માટે કોઈ વ્યવસ્થા નથી

ગાંધીનગર, તા. ૩૦

સચિવાલય સ્થિત એસ.બી.આઈ.ની મુખ્ય બ્રાન્ચની લીફ્ટ બંધ રાખવામાં આવતા વિકલાંગ વ્યક્તિઓને ૨૫ જેટલા પગથીયા ચઢીને જવું પડે છે. વિકલાંગ વ્યક્તિઓ માટે અહીં કોઈ વ્યવસ્થા ન હોવાથી તેમને ખુબ હેરાનગતિ ભોગવવી પડે છે.

વિકલાંગ વ્યક્તિઓને આવનજાવન અને વાહન પાર્કિંગમાં સુવિધા રહે તે માટે નિયમો બનાવવામાં આવ્યા હોવા છતાં ઘણી સંસ્થાઓ તેનો અમલ કરતી નથી. એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાં ઘણા વિકલાંગ ગ્રાહકો છે. પરંતુ તેમને સુવિધા આપવામાં સત્તાવાળાઓને જરાય રસ નથી.

વિકલાંગ વ્યક્તિઓને મુખ્ય બ્રાન્ચમાં જવા માટે ૨૫ જેટલા પગથિયા ચઢવા પડે છે. સીડીની વચ્ચે બનાવેલી રેલીંગ પણ લોખંડની હોઈ ઉનાળામાં ખુબ ગરમ થઈ જાય છે. વિકલાંગોને હાથ દઝાડતા દઝાડતા બેંકમાં જવું પડે છે. લીફ્ટ હોવા છતાં મેઈન ફ્લોરનો દરવાજો હંમેશા બંધ રાખવામાં આવે છે. વળી અહીં વિકલાંગો માટે રીઝર્વ પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી તેઓને પોતાનું વાહન દૂર પાર્ક કરવુ પડે છે અને રોડ પર ઘસડાતા બેંક સુધી જવું પડે છે. વિકલાંગો માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અનેકવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં મેનેજર અને અન્ય સ્ટાફ દ્વારા તોછડાઈપૂર્વક વર્તન કરવામાં આવે છે.

## સાંધાના દુઃખાવાની ફરિયાદોને પગલે કાનપુરમાં તાબડતોબ સર્વેલન્સ કરાયું

ચિલોડા, તા.૩૦

ગાંધીનગર તાલુકાના કાનપુર ગામમાં સાંધાના દુઃખાવાની ફરિયાદો મળતાં જ આરોગ્યતંત્રના અધિકારીઓ ચોંકી ઉઠયા હતા અને સમગ્ર ગામમાં તાત્કાલિક સર્વેલન્સની કામગીરીના આદેશો અપાયા હતા.

મળતી વિગતો પ્રમાણે સર્વેલન્સ માટેની ત્રણથી ચાર જેટલી ટીમો બનાવી અને આખા ગામમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેલન્સ દરમિયાન ત્રણેક દર્દીઓ જેમને ખભા પકડાઈ જવા, દુઃખાવો થવો તેમજ ઉંમરના કારણે પગ દુઃખાવાની ફરિયાદોના કેસ મળ્યા હતા.

બિન સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સર્વેલન્સ દરમિયાન ગામના કેટલાક ભાગોમાંથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા હતા. જો કે મળી આવેલા આ બ્રીડીંગને પગલે તાત્કાલિક ત્યાં એન્ટી લારવેલની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં સતત હવામાનમાં થઈ રહેલા બદલાવને પગલે આરોગ્ય તંત્ર સતત દોડતું થઈ ગયું છે. જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છુટા છવાયા મેલેરિયાના કેસો મળવાનો પ્રારંભ થયો છે પણ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના અધિકારીઓ માની રહ્યા છે.

## આજે રાંધેજામાં નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

એન.એ.બી. ગાંધીનગર જિલ્લા શાખા અને ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાના સંયુક્ત ઉપક્રમે આજે નેત્ર ચિકિત્સા કેમ્પ રાંધેજા ગામે યોજાશે.

પદ્મશ્રી ડૉ. જગદીશભાઈ કે. પટેલની પુણ્ય તિથિની ઉજવણીના ભાગરૂપે આજે તા. ૩૧મી માર્ચ-૨૦૧૩ના રોજ સવારે ૧૦ કલાકે રાંધેજામાં ગૂજરાત વિદ્યાપીઠના નેચરોપેથી યોગાહોલમાં નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાશે. સદર કેમ્પમાં બારેજા આંખની હોસ્પિટલના આંખના રોગોના તજજ્ઞ એવા ડૉક્ટરો સેવા આપશે એમ સેક્રેટરી એચ.એસ. મકવાણાએ જણાવ્યું છે.



## શ્રી અરવિંદ કેન્દ્રમાં જીવન એક આનંદ વિષય પર પ્રવચન યોજાયું

શ્રી માતાજીના શતમ્ પ્રાદુર્ભાવ દિન નિમિત્તે અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે 'જીવન એક આનંદ' વિષય પર પ્રેરક પ્રવચન યોજાયું હતું. શ્રી માતાજીના જીવન દર્શનના પરમ અભ્યાસી જ્યોતિબેન થાનકીએ તાજેતરમાં શ્રીમાતાજીના શતમ પ્રાદુર્ભાવ દિન 'જીવન એક આનંદ' વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું. તેમણે 'શ્રદ્ધા' પર ભાર મુકતા જણાવ્યું હતું કે 'જો તમે પૂર્ણ શ્રદ્ધા સાથે કાર્ય કરો છો તો તમારુ દરેક કાર્ય સફળ થાય છે. બંધ બારણા પણ ખુલી જાય છે. બાળકના જેવી શ્રદ્ધા અને વિશ્વાસ આપણે ભગવાનમાં રાખીશું તો ભગવાન સામેથી મળશે.' અરવિંદ કેન્દ્ર ખાતે વિશાળ સંખ્યામાં પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રવચનનો લાભ લીધો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૬.૪૯

## તાપમાન

મહત્તમ : ૩૫.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

જી જોય: રીટાલીએશન ૩-ડી(હિન્દી) : ૯.૦૦, ૧૧.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

હિમતવાલા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

હિમતવાલા: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

હિમતવાલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

હિંમતવાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સુહાગન શોભે સાસરીયે (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હિંમતવાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હિંમતવાલા : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :

રંગરેઝ: ૧૦.૧૫, ૩.૦૦, ૮.૦૦
આત્મા : ૧.૦૦, ૫.૪૫, ૧૦.૪૫

### ચિરાગ, કલોલ

હિંમતવાલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- આગામી જી.પી.એસ.સી., ચીફ ઓફિસર, પોલીસ ઈન્સ્પેકટર, બેન્ક, વગેરે જગ્યાઓ માટે લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન સેમિનાર સાંજે ૮.૦૦ કલાકે

## આપની આજ

**મેષ** : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**વૃષભ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ભવન નિર્માણ સંબંધઈ કાર્યો થશે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**સિંહ** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિય ભાગીદારી રહેશે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે.

**વૃશ્ચિક** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી. સ્થાયી સંપત્તિની આકાક્ષા પૂર્ણ થવાના યોગ. સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**ધન** : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. ભૂમિક, મકાન વગેરે ખરીદનો યોગ. સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : જમીન સંબંધી કાર્ય બનવાનાં યોગ. નવી યોજનાઓ પ્રારંભ થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે.

**કુંભ** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. શુભ સંદેશ તમને નવી દિશા આપશે. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રણછોડજી સભાજી રાઠોડ (ઉ.વ. ૭૦) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અરજણજી ભીખાજી ઠાકોર (ઉ.વ. ૫૨) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. વિહાજી માથુજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પિનાકીન સુમનભાઈ મકવાણા (ઉ.વ. ૨૮) પ્લોટ નં. ૫૩૫/૨, સેકટર-૫/બી, ગાંધીનગર.
- સ્વ. સ્મીતાબેન જીલાજી પરમાર (ઉ.વ. ૨૩) મુ.પો. સાલુજીના મુવાડા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. ભગવતીબેન જનકકુમારા ઠાકર (ઉ.વ. ૪૬) બ્લોક નં. ૧૩૫/૨, ચ-૨ કેટેગરી, સેકટર-૨૮, ગાંધીનગર.